


**પાણી સામે પાવર ઓછો**

## બારડોલીમાં દર વર્ષે થતી જળબંબાકારની સ્થિતિ પર ધારાસભ્ય ઈશ્વર પરમાર આક્રમક: કલેક્ટરને પત્ર લખી તંત્રની નિષ્ક્રિયતા પર સાધ્યું નિશાન

# તંત્ર MLAને પણ સાંભળતું નથી!

**2024થી રજૂઆત છતાં સરકારના જ ધારાસભ્યની રજૂઆતો બાબતે અધિકારીઓ નિષ્ઠુર બન્યા**

બારડોલી: બારડોલી વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારે સુરત કલેક્ટરને એક અત્યંત ગંભીર પત્ર લખીને બારડોલી નગર અને તાલુકાના ધામડોદ-લુંભા ગામમાં વકરતી જતી પાણી ભરાવાની સમસ્યા અંગે ઉગ્ર રજૂઆત કરી છે. છેલ્લાં ચાર વર્ષથી ચોમાસા દરમિયાન સર્જાતી હાલાકીનો ઉકેલ ન આવતા ધારાસભ્યએ તંત્રને ૧૦મી મે પહેલાં સ્થળ મુલાકાત લેવા માટે અલ્ટિમેટમ આપ્યું છે.

ધારાસભ્યએ તેમના પત્રમાં સ્થાનિક અધિકારીઓની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવતા મુખ્ય ૬ મુદ્દા પર જવાબ માંગ્યા છે. ખાસ કરીને શિવશક્તિ સોસાયટી, કાછીયા પાટીદાર સમાજની વાડી, ડી.એમ. નગર, એમ.એન. પાર્ક અને ભરવાડ વસાહત જેવા વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલમાં અવરોધરૂપ ખાડી પર દબાણો અંગેની વિગતો માંગી છે. અને કોના દ્વારા દબાણ કરવામાં આવ્યાં છે તે ચકાસી દબાણ દૂર કરવાની કાર્યવાહી અંગે પણ સ્પષ્ટતા કરવા જણાવ્યું છે. ઉપરાંત ખાડીના કાંઠે નિયમ અનુસાર માર્જિન જાળવ્યા વિના થયેલાં બાંધકામો અને ડ્રેનેજ વિભાગની મંજૂરી વિના થયેલાં કામો અંગે સ્પષ્ટતા માંગવામાં આવી છે. કુદરતી વહેણવાળી ખાડીઓ પર બિલ્ડરો દ્વારા જે માલિકી હક જતાવવામાં આવે છે, તે અંગે પણ તપાસની માંગ કરી છે. સાથે જ ભૂતકાળમાં તૈયાર થયેલા ડ્રાફ્ટ પ્લાન કે ટાઉન પ્લાનિંગમાં કોઈના હિત સાધવા માટે જાણીજોઈને ફેરફાર કરવામાં આવ્યા છે કે કેમ, તેની પણ તપાસ કરવા જણાવાયું છે.



### તાજેતરમાં ચૂંટણી બહિષ્કારનાં બેનર્સ સાથે લોકોમાં રોષ ફેલાયો હતો

પત્રમાં એક ચોંકાવનારી વિગત એ પણ સામે આવી છે કે, તંત્રની બેદરકારીથી કંટાળીને સ્થાનિક રહીશોએ તાજેતરની ચૂંટણીમાં રાજકીય પક્ષોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતાં બેનર્સ લગાવ્યાં હતાં. ધારાસભ્ય ખુદ ૨૦૨૪થી સતત રજૂઆતો કરતાં હોવા છતાં વહીવટી તંત્રના નિષ્ઠુર બનેલા અધિકારીઓએ આ બાબતને ગંભીરતાથી ન લેતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### ૧૦મી મે સુધીનું અલ્ટિમેટમ

જૂનમાં ચોમાસા પહેલા જો પાણીના નિકાલનો પ્રશ્ન હલ નહીં થાય તો સ્થિતિ વધુ સ્ફોટક બની શકે છે. આથી, ઈશ્વર પરમારે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે ૧૦મી મે પહેલાં સ્થાનિક અધિકારીઓ આ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લે અને જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે. આ પત્ર બાદ હવે જોવાનું એ રહેશે કે કલેક્ટર કચેરી અને સ્થાનિક નગરપાલિકા દ્વારા આ બાબતે કેટલી ઝડપથી પગલાં ભરવામાં આવે છે. જો સમયસર ઉકેલ નહીં આવે તો બારડોલીના અનેક પરિવારોને આ વર્ષે પણ ઘરવખરીના નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

**સુરત જિલ્લા એલસીબીનું ધાનપુરમાં ઓપરેશન**

# રાજ્યભરમાં ચોરી-લૂંટ કરનાર મોહનીયા ગેંગના 3 ઝડપાયા

**એક** આરોપી દિલીપ સામે 42, જ્યારે કલ્પેશ સામે 15 ગુના નોંધાયા છે

**પાળેલા** કૂતરા ભસે એટલે પોલીસ આવી હોવાનું સમજી કોતરોમાં ભાગી જતા હતા


ઈલ્યાસ શેખ

પલસાણા: ગુજરાતમાં લૂંટ, ધાડ અને ઘરફોડ ચોરી કરી તરખાટ મચાવી 15થી વધુ ગુનામાં ફરાર મોહનીયા ગેંગના સૂત્રધાર સહિત રીઢા આરોપીઓને સુરત જિલ્લા એલસીબીની ટીમે ફિલ્મી ઢબે દાહોદ જિલ્લાના ઊંડાર ગામેથી દબોચી લીધા હતા. પોલીસે સુરત ગ્રામ્યના કામરેજ અને બારડોલી ટાઉન પોલીસ મથકમાં નોંધાયેલા બે ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. દિલીપ ઉર્ફે દિલો સામે રાજ્યના અલગ અલગ પોલીસ મથકોમાં 42 અને કલ્પેશ સામે પંદર ગુનાઓ નોંધાયેલા છે.

સુરત જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડને બાતમી મળી હતી કે, તાજેતરમાં કામરેજ ચાર રસ્તા નજીકથી સોવરીન બંગલોઝમાં અલગ અલગ મકાનોમાંથી રોકડ રકમ તથા દાગીનાની ચોરી દાહોદના ઊંડારના મોહનીયા ગેંગના રીઢા આરોપી દલિયો ઉર્ફે ગાંડો કાળુંભાઈ મોહનીયા તથા દિલીપ ઉર્ફે દિલો કાળુ મોહનીયાએ તેના સાગરીતો સાથે કરેલ છે. જેના આધારે સુરત જિલ્લા એલસીબીની ટીમે જિલ્લાના ધાનપુર તાલુકાના ઊંડાર ગામે સ્પેશ્યલ ઓપરેશન હાથ ધર્યું હતું. આરોપીઓ ઊંડાર ગામે ડુંગરાળ વિસ્તારમાં રહેતા હતા તેમજ ગંભીર ગુનાઓ આચરી રાત્રિના ઘરે આવતા હતા. પોલીસના હાથે પકડાઈ ન જાય તે માટે પાલતુ કુતરાઓ રાખતા જેથી રાત્રિના કોઈ હલચલ જણાય તો કુતરાના ભસવાથી તેઓ સતર્ક થઈ અંધારામાં આજુબાજુના ડુંગરા કે કોતરોમાં નાસી જતાં હતા. આરોપીઓ છૂટક છૂટક મકાનમાં રહતા હોય પોલીસે આરોપીઓના મકાનોમાં એક સાથે છાપો મારી દિલધડક રીતે બાથ ભીડી ત્રણ આરોપીઓને ઝડપી લીધા હતા.

પકડાયેલા આરોપીઓએ કબૂલાત કરી હતી કે, કામરેજ ચાર રસ્તા નજીક સોવારીન બંગલોઝમાં અલગ અલગ મકાનોમાં રાત્રિના ચોરી કરી હતી. અને એક મહિલા જાગી જતાં તેને મારી નાંખવાની ધમકી આપી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. આ ઉપરાંત બારડોલી તાલુકાના ઇસરોલી ગામે એક સોસાયટીમાં એનઆરઆઇનું બંધ મકાનમાં ચોરી કરી હતી. બારડોલીના અસ્તાન ગામે પણ બંધ મકાનમાંથી રોકડ અને ચાંદીની લગડી ચોરી કરી ગુનો કર્યો હોવાની કબૂલાત કરી હતી.

### કોર્ટે પણ ધરપકડ વોરંટ ઇસ્યુ કર્યા હતા

ત્રણેય આરોપીઓ ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાં લૂટ, ધાડ અને ચોરીના ગુનામાં નાસતા ફરતા હોવાનુ અને અગાઉ પકડાયેલ ગુનાઓમાં જામીન મુક્ત થતાં બાદ કોર્ટ કાર્યવાહીમાં હાજર રહતા ન હોય જેથી નામદાર કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ પણ ઇશ્યૂ કરવામાં આવ્યા હતા. પોલીસે ત્રણેય આરોપીઓની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### દમણના મંદિર અને ઘરમાં થયેલી 1.33 કરોડની ચોરીનો ગુનો ઉકેલાયો

ઝડપાયેલા આરોપીઓ પૈકી કલ્પેશ ઉર્ફે પટ્ટી પરશુભાઈ કાલીયાભાઈ મોહનીયા તથા મોહનીયા ગેંગના અન્ય સાગરીતો સાથે તાજેતરમાં દમણ ખાતે એક જ રાત્રિના બે અલગ અલગ મંદિરોમાં તથા એક મકાનમાં લોક તોડી અંદરથી રોકડ અને કીમતી દાગીના મળી કુલ 1.33 કરોડની મતાની ચોરી કરી નાસી છૂટ્યા હતા.

### પકડાયેલા આરોપી

દલિયો ઉર્ફે દલો ઉર્ફે ગાંડો કાળુભાઈ મોહનીયા
દિલીપ ઉર્ફે દિલો કાળુભાઈ ખીમલાભાઈ મોહનીયા
કલ્પેશ ઉર્ફે પેટ્ટી પરશભાઈ મોહનીયા

# વાલોડનાં મહિલા સરપંચને મરેલાં કૂતરાંના ખર્ચને લઈ સસ્પેન્ડ કરાયાં

**ડીડીઓ** આ ગુનાની ઊંડાણપૂર્વક તપાસ કરે તો ચાર તલાટીઓની શંકાસ્પદ ભૂમિકા પણ બહાર આવી શકે

વાલોડ: વાલોડ ગ્રામ પંચાયતમાં મરેલાં કૂતરાંના નિકાલ અને સફાઈના નામે આચરવામાં આવેલી ગંભીર નાણાકીય અનિયમિતતાને લઈ અગાઉ અરજી કરવામાં આવી હતી, જે બદલ તાપી ડી.ડી.ઓ દ્વારા વાલોડ ગ્રામ પંચાયતના સરપંચ વિજ્યાબેન નાઈકને તેમના હોદ્દા પરથી તાત્કાલિક અસરથી દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

વાલોડ પંચાયતના સભ્ય ડેનીશાબેન ગરાસીયા દ્વારા 10 ડિસેમ્બર-2025ના રોજ એક અરજી કરવામાં આવી હતી. જે અરજીના આધારે તપાસ અહેવાલ જિલ્લામાં થયો હતો અને 16 ફેબ્રુઆરીએ ડીડીઓએ સરપંચને ખુલાસા માટે નોટિસ આપ્યા બાદ ગુરુવારના રોજ સરપંચને સસ્પેન્ડ કર્યાનો હુકમ કર્યો હતો. તપાસ દરમિયાન વિગત એવી છે કે વર્ષ 2021-22થી 24-25 સુધીના સમયગાળામાં મરેલાં કૂતરાંના નિકાલ માટે કુલ 186 વાઉચર દ્વારા રૂ.1,14,250 જેવી માતબર રકમનો ખર્ચ ચોપડે બતાવવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું હતું કે, ગામની વસતી અને ભૌગોલિક વિસ્તારની સરખામણીએ મરેલાં કૂતરાંની સંખ્યા અતાર્કિક અને શંકાસ્પદ હતી.

મૃત્યુ અંગે પશુચિકિત્સક કે આરોગ્ય વિભાગનો કોઈ અધિકૃત રિપોર્ટ મેળવાયો ન હતો. ખર્ચના વાઉચરોમાં સ્થળ, સમય કે ફળિયાની કોઈ વિગતો દર્શાવવામાં આવી ન હતી. ડીડીઓ તાપીના હુકમ મુજબ સરપંચે પંચાયતના નાણાકીય નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કર્યું તેમજ સભ્યોની મંજૂરી લીધા વિના આ આકસ્મિક ખર્ચ કરવામાં આવ્યો હતો. નિયમ મુજબ પંચાયતના વ્યવહારો ચેક અથવા ડિજિટલ પેમેન્ટથી કરવાના હોય છે. તેમ છતાં તમામ ચૂકવણીઓ રોકડેથી કરવામાં આવી હતી.

સરપંચ દ્વારા રજૂ કરવામાં આવેલા ખુલાસામાં જણાવાયું હતું કે, ગામ મોટું હોવાથી કૂતરાંની સંખ્યા વધુ હોય છે અને અવારનવાર કૂતરાંનાં મોત થતાં હોય છે અને રોગચાળો ન ફેલાય તે માટે તાત્કાલિક નિકાલ કરવો પડતો હતો. અને સફાઈ કર્મચારીને ચૂકવવા રકમ ન હોય તો તેમનો પગાર ન થતાં તેમને ઉચ્ચ રકમ ચૂકવી પણ તેનો નિકાલ કરી સ્થાનિકોને રાહત મળે એવી કામગીરી કરવામાં આવતી હોય છે. જો કે, યોગ્ય પુરાવાઓના અભાવે ડીડીઓ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે.

### વાલોડનાં સરપંચ વિજયાબેન નાઇકનો વહીવટી તંત્ર સામે વેધક સવાલ

ચાર તલાટીઓ બદલાયા તો જવાબદારી માત્ર મારી જ કેમ? વાલોડ ગ્રામ પંચાયતમાં વિરોધીઓ દ્વારા જે આંગળી ઉઠાવવામાં આવી રહી છે અને અનેક વિકાસના કામોમાં વિઘ્ન ઊભું કરાતાં વાલોડનાં સરપંચ વિજયાબેન નાયકે જિલ્લા વિકાસ અધિકારીની કાર્યવાહી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. સરપંચ વિજયાબેન નાયકે જણાવ્યું હતું કે, મારા વર્તમાન કાર્યકાળ દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૪ તલાટી ફરજ બજાવીને ગયા છે. ગ્રામ પંચાયતનો વહીવટ સરપંચ અને તલાટીના સંયુક્ત સહી-સિક્કાથી ચાલતો હોય છે, ત્યારે જો કોઈ ભૂલ થઈ હોય તો તેમાં તલાટીની પણ સમાન જવાબદારી બને છે. સરપંચે વધુમાં આક્ષેપ કર્યો હતો કે, જો કામગીરીમાં ખામી હોય તો DDO દ્વારા માત્ર મારી સામે જ કેમ કાર્યવાહી કરવામાં આવી રહી છે? શું વહીવટી તંત્ર પૂર્વ તલાટીઓને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું છે? વિજયાબેન નાયકે માંગ કરી છે કે આ સમગ્ર પ્રકરણમાં પક્ષપાત રહિત તપાસ થવી જોઈએ.

# માંગરોળમાં ચાંડાલ ચોકડીથી ગાયત્રી પીઠ મંદિર સુધી દબાણો હટાવાયાં


વિનોદ મૈસુરીયા

**રોડ** માર્જિનમાં આવતા 53 મકાનધારકને અગાઉથી નોટિસ ફટકારવામાં આવી હતી

**તંત્રની** કાર્યવાહીમાં 30થી વધુ ઓટલા અને શેડ તોડી પાડવામાં આવ્યા

વાંકલ: માંગરોળ ખાતે માર્ગ માર્જિનમાં આવેલાં દબાણો સામે તંત્ર દ્વારા મેઘા ડિમોલિશન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચાંડાલ ચોકડીથી ગાયત્રી પીઠ મંદિર સુધી ચાલેલી આ કામગીરી દરમિયાન રોડ માર્જિનમાં આવતા 53 જેટલા મકાનધારકોને અગાઉથી નોટિસ ફટકારવામાં આવી હતી.

તંત્રની કાર્યવાહીમાં 30થી વધુ ઓટલા અને શેડ તોડી પાડવામાં આવ્યા હતા. જ્યારે માર્જિન હદમાં આવતાં ચાર મકાનનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. બીજી તરફ અનેક લોકોએ તંત્રની સૂચના બાદ માર્જિનમાં આવેલાં બાંધકામો સ્વૈચ્છિક રીતે દૂર કર્યાં હતાં. આ કામગીરી દરમિયાન ગાયત્રી પીઠ મંદિરની કમ્પાઉન્ડ વોલ પણ રોડ માર્જિનમાં આવતી હોવાથી તેને પણ તોડી પાડવામાં આવી હતી. સમગ્ર ડિમોલિશન પ્રક્રિયામાં માંગરોળ મામલતદાર કચેરી, માંડવી માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સતત સ્થળ પર હાજર રહી કામગીરીનું નિરીક્ષણ કરતા રહ્યા હતા. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ માટે બે PI, બે PSI સહિત મોટી સંખ્યામાં પોલીસ જવાનો અને GRDના કર્મચારીઓને સ્થળ પર તૈનાત કરવામાં આવ્યા હતા. ભારે પોલીસ કાફલા વચ્ચે આખી કાર્યવાહી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવામાં આવી હતી.

## ઉચ્છલમાં પોલ્ટ્રી ફાર્મમાં મરઘાં બર્ડ ફ્લૂથી પ્રભાવિત થયાની આશંકા

વ્યારા: ઉચ્છલ તાલુકાને અડીને આવેલા મહારાષ્ટ્રના નવાપુર તાલુકામાં બર્ડ ફ્લૂના કહેરને લઈને 2 લાખથી મરઘાં સહિત લાખો ઈંડાંનો જથ્થો નાશ કરવા આવ્યો છે. ત્યારે ઉચ્છલમાં ચાલતા પોલ્ટ્રી ફાર્મમાં પણ બર્ડ ફ્લૂનાં લક્ષણો હોવાની આશંકા સેવાઈ રહી છે. ત્યારે તંત્ર દ્વારા બર્ડ ફ્લૂના લક્ષણો અંગે પોલ્ટ્રી ફાર્મમાં યોગ્ય તપાસ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઊઠી છે. ઉચ્છલ તાલુકાના માણેકપુર ગામના ટાકલી ફળિયા પાસે તેમજ ઉચ્છલ-નિઝર હાઈવે પર દેવચાંદની નજીક આવેલા પોલ્ટ્રી ફાર્મ સહિત અન્ય મરઘાં ફાર્મમાં તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવે તે લોકોમાં ચર્ચાઓ ઊઠી છે. નંદુરબાર જિલ્લાના નવાપુર વિસ્તારમાં અનેક પોલ્ટ્રી ફાર્મમાં મરઘીઓ બર્ડ ફ્લુથી સંક્રમિત હોવાનું સામે આવતા સ્થાનિક પ્રશાસન દોડતું થયું હતું અને તાત્કાલિક કડક પગલાં લઈ નવાપુર અને આસપાસના વિસ્તારોમાં ચિકન અને ઈંડાનાં વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# સાયણમાં યુવક પર હુમલામાં બે આરોપીનું પોલીસે સરઘસ કાઢ્યું

**કબૂતરને** દાણા નાંખવા આવેલા અંશુ નરોનીને માર માર્યો હતો

સાયણ: સાયણની ભક્તિધારા સોસાયટીમાં નજીવી બાબતે યુવક પર જીવલેણ હુમલો કરનાર અસામાજિક તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. ઝડપાયેલા બે આરોપીઓનું પોલીસે ઘટનાસ્થળે સરઘસ કાઢી કાયદાનું ભાન કરાવ્યું હતું. ગત ૩ મેના રોજ ગોથાણ રોડ સ્થિત ભક્તિધારા સોસાયટીમાં અંશુ નરોની નામનો યુવક કબૂતરોને પાણી પાવા ગયો હતો. આ સમયે મહેન્દ્ર સોલંકી, હિતેશ સોલંકી અને મિત માવાણીએ 'અહીંથી પાણી કેમ ભરે છે?' તેમ કહી ઝઘડો કર્યો હતો. હિતેશ અને મિતે અંશુને પકડી રાખ્યો હતો, જ્યારે મહેન્દ્રએ ચપ્પુ વડે યુવકના ખભા પર જીવલેણ ઘા કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ભોગ બનનારની ફરિયાદના આધારે ઓલપાડ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી હિતેશ સોલંકી અને મિત માવાણીને ઝડપી પાડ્યા હતા. પોલીસે આ બંને આરોપીને ઘટના સ્થળે લઈ જઈ જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. ઉલ્લેખનીય છે કે, હિતેશ સોલંકી અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને તાજેતરમાં જ જેલમાંથી છૂટ્યો હતો. હુમલો કરનાર મુખ્ય આરોપી મહેન્દ્ર રાજપૂત હજુ પોલીસ પકડથી દૂર છે. તે સોશિયલ મીડિયા પર રીલ્સ મૂકી પોલીસને પડકાર ફેંકી રહ્યો છે, ત્યારે પોલીસ તેને ક્યારે ઝડપી પાડશે તે જોવું રહ્યું.

# કડોદમાં વીજ ટ્રાન્સફોર્મર ફરતે લગાવેલી ગ્રીલ જોખમી



સુરત: કડોદ આનકેશ્વર રોડ પર જાહેર માર્ગ પર દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા વીજ ટ્રાન્સફોર્મરની ફરતે સુરક્ષા માટે લગાવવામાં આવેલી લોખંડની ગ્રીલ હાલ અકસ્માત નોતરે તેવી સ્થિતિમાં ઊભી છે. અહીંથી મોટી સંખ્યામાં લોકોની અવર જવર થતી હોય છે, સાથે નજીકમાં જ શાળાઓ પણ આવેલી છે. હાલ વેકેશન હોવાથી નાનાં બાળકો આ વીજ ટ્રાન્સફોર્મરની આસપાસ રમી રહ્યાં છે. ન કરે નારાયણ કોઈ અકસ્માત થાય તે પહેલા વીજ કંપની દ્વારા યોગ્ય કરવામાં આવે એ જરૂરી બન્યું છે.

બારડોલીના કડોદ ગામે આનકેશ્વર રોડ પર વીજ કંપનીએ વીજ ટ્રાન્સફોર્મરની ફરતે સુરક્ષા માટે મૂકેલી લોખંડની ગ્રીલ હાલ લોકો માટે અસુરક્ષિત બની ગઈ છે. છેલ્લા ઘણા સમયથી લગાવવામાં આવેલી ગ્રીલ તૂટી ગઈ છે. ઉપરાંત નગરમાં ઠેર ઠેર સુરક્ષા માટે લગાવેલી ગ્રીલો તૂટીને ભંગાર બની ગઈ છે અને વૃક્ષો પણ મોટાં મોટાં ઊગી ગયાં છે. ત્યારે નગરમાં વારંવાર રાત્રિના સમયે પણ વીજ પુરવઠો ખોળવાઈ રહ્યો છે. ત્યારે દ.ગુ. વીજ કંપની કડોદ સબ ડિવિઝનમાંથી તાત્કાલિક ચોમાસા પહેલાં રિપેરિંગ કરાવશે કે નહીં તે જોવું રહ્યું.

# બારડોલી સાંસદના 'દત્તક' ગામ હરિપુરામાં જ 'વિકાસ' ગાયબ

**કથિત** ભ્રષ્ટાચારને લઈ સરપંચ વિરુદ્ધ તપાસના આદેશ

બારડોલી: સાંસદ પ્રભુ વસાવા દ્વારા દત્તક લેવામાં આવેલા બારડોલીના આદર્શ ગામ હરિપુરામાં વિકાસનાં કામોમાં મોટા પાયે ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો સાથે ખળભળાટ મચી ગયો છે. ગ્રામ પંચાયતના સરપંચ આશાબેન મનિષભાઈ ચૌધરી સામે ભ્રષ્ટાચાર અને સત્તાના દુરુપયોગની રજૂઆત બાદ સુરત નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ બારડોલી તાલુકા વિકાસ અધિકારીને આ બાબતે વિગતવાર તપાસ કરી અહેવાલ સોંપવા આદેશ કર્યો છે.

કોંગ્રેસી નેતા સ્વાતી પીનલકુમાર પટેલ દ્વારા કરવામાં આવેલી લેખિત રજૂઆતમાં સરપંચ અને તેમના પતિ વિરુદ્ધ અનેક ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે, જેમાં ખોટા જોબકાર્ડ અને મનરેગા કૌભાંડમાં સરકારી કર્મચારી હોવા છતાં ગામના એક યુવકના નામે મનરેગા હેઠળ જોબકાર્ડ બનાવી નાણાં ઉપાડવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. એટલું જ નહીં એરટેલ પેમેન્ટ બેંકમાં ગ્રામીણ અને અભણ લાભાર્થીઓની જાણ બહાર પ્રાઈવેટ ઓનલાઈન બેંકમાં ખાતા ખોલાવી આવાસ યોજના અને પેન્શનની રકમ હડપ કરી લેવાનું મોટું કૌભાંડ બહાર આવે તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. ૧૫મા નાણા પંચની ગ્રાન્ટ. ઠરાવોમાં ફેરફાર કરવા, પ્રોટેક્શન દીવાલના કામમાં ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવું અને સરપંચના પતિ દ્વારા વહીવટમાં હસ્તક્ષેપ કરવા જેવા મુદ્દા મુખ્ય છે.

અરજીમાં એવો પણ ઉલ્લેખ છે કે ગામના યુવાનો જ્યારે RTI હેઠળ માહિતી માંગે છે, ત્યારે સરપંચના પતિ દ્વારા સભા બોલાવીને લોકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે અને માહિતી માંગનારને ડરાવી-ધમકાવી દબાણ કરવામાં આવે છે. આ બાબતે અગાઉ પોલીસ ફરિયાદ પણ થયેલી છે. સુરત જિલ્લા પંચાયતે આ મામલાને ગંભીરતાથી લઈ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જોગવાઈઓ હેઠળ તપાસ હાથ ધરી છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ બારડોલી ટી.ડી.ઓ.ને સૂચના આપી છે કે આ ફરિયાદની તપાસ કરી, કરેલી કાર્યવાહીની જાણ સીધી અરજદારને કરવી. સાંસદ દ્વારા દત્તક લેવાયેલા ગામમાં જ જો આ પ્રકારે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હશે અને સાબિત થાય છે તો આગામી દિવસોમાં સરપંચ વિરુદ્ધ કડક કાર્યવાહી થઈ શકે છે.


Milano MULTIPLEX
બારડોલી
Raja Shivaji 02:00pm, 05:30pm, 10:00pm
Bhooth Bangla- 11:00am
Dhabkaaro-Gujarati 12:00pm, 09:30pm
Krishnavataram Part 1 - The Heart 03:00pm, 06:00pm, 09:00pm
Daadi Ki Shaadi-10:00am
Mortal Kombat 2- 01:00pm, 07:00pm
Vaanki Chuki Love Story- 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333



બારડોલી વિભાગ ગ્રામ વિકાસ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. બારડોલી.
સહકાર સદન, સ્ટેશન રોડ
બારડોલી- ૩૯૪૬૦૨
જી. સુરત
જી. નં.સા - ૨૪૭૩ | આપણો સહયોગ આપણો વિકાસ | સ્થાપના તા. ૧૬-૦૧-૯૨
તા-૦૮-૦૫-૨૦૨૬
વાર્ષિક સાધારણ સભા ની નોટીસ
આથી સોસાયટી ના તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે કે આપણી સંસ્થાની ૩૪ મી વાર્ષિક સાધારણ સભા તારીખ : ૧૧-૦૫-૨૦૨૬ ને સોમવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે શ્રી અસ્તાન કન્યા વિદ્યાલય પરિસરમાં વાર્ષિક રિપોર્ટ માં જણાવેલ એજન્ડા ના કામો માટે રાખવામાં આવી છે.
નોંધ : વાર્ષિક અહેવાલ મળ્યા ન હોય તો તેમણે સોસાયટી માં આવી મેળવી લેવા વિનંતી. વ્યવસ્થાપક કમિટીના આદેશથી.
રાજેશભાઈ બી.નાયક
મેનેજર



મહે કઠોરના જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં
પરચુરણ અરજી નં.: ૭૮૧/૨૦૨૬
અરજદારના વડીલશ્રી ધર્મેશ એમ. પરમાર
વડીલશ્રી ભૂમિકા બી. પટેલ
અરજદાર :- નંદાણીયા કરશનભાઈ હેભાભાઈ
વિરૂધ્ધ
સામાવાળા:- તલાટી કમ મંત્રીશ્રી,ખોલવડ, ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત
આ કામના અરજદારે તેમની પુત્રીના નામે પ્રિયા કરશનભાઈ નંદાણીયા ના જન્મના દાખલામા પિતાના નામવાળી કોલમમા અટક આહીર લખાયેલ છે. તેના સ્થાને નંદાણીયા મુજબ નો સુધારો કરવા માટે અત્રેની કોર્ટ મા અરજી કરેલી છે. જેની મુદત તા.:૨૦/૦૬/૨૦૨૬ ના રોજ ની મુકરર કરવામા આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકાર નો વાંધો વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રેહવુ જો તેમ કરવા મા કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામા આવશે જેની નોંધ લેશો.
આજરોજ તા.૦૮મી માહે મે સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
તૈયાર કરનાર આસી. સીવીલ કોર્ટ કઠોર એમ.બી. વઘાસીયા
મુકાબલ કરનાર આસી. સીવીલ કોર્ટ કઠોર એસ.બી. બલદાણિયા
કોર્ટનો સિક્કો
હુકમથી શ્રી રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, કઠોર